# પ્લાસ્ટ ઈન્ડીયાના પગલે આડેધડ વાહન પાર્કીંગ

ગાંધીનગર શહેરમાં પ્લાસ્ટ ઈન્ડીયાને અનુલક્ષી બુધવારના રોજ દિવસભર ટ્રાફિકની સમસ્યાનો નાગરીકોને કડવો અનુભવ થયો હતો. સ્થાનિક નાગરીકોને એક સેકટરથી બીજા સેકટરમાં જવા માટે પણ અડધો કલાક સમય થયો હતો. પરંતુ શહેરના મોડીસાંજે તો ટ્રાફિકની પરિસ્થિતિ વધુ વકરી હતી એક તરફ અસંખ્ય લગ્ન સમારોહ તો બીજી તરફ પ્લાસ્ટ ઈન્ડીયાનો ટ્રાફિક છુટતા જ શહેરના ઘ-૦ , ચ-૦ , શાહપુર ચાર રસ્તા અને સરગાસણ ચાર રસ્તા પર કલાકો સુધી વાહનો અટવાઈ ગયા હતા. વાહન ચાલકોને ૫ કી.મી.નું અંતર કાપતા ૪૫ મીનીટનો સમય થયો હતો. શહેરના માર્ગો પર ચોતરફ ગાડીઓની કિલોમીટર સુધી લાંબી કતારો જોવા મળી હતી. શહેરમાં આ ટ્રાફિક મોડીરાત સુધી જોવા મળ્યો હતો. ત્યારે સામાન્ય નાગરીકોને તો શહેરમાં છાશવારે યોજાતા આવા વિવિધ એકઝીબેશનને પગલે હેરાનગતિનો સામનો જ કરવો પડશે ને..?

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં પ્લાસ્ટ ઈન્ડીયાને પગલે એક સપ્તાહ સુધી માર્ગો પર ગાડીઓનો ધમધમાટ જોવા મળશે. વાહન માલિકો આડેધડ વાહનો માર્ગો પર મુકીને જતા રહેતા શહેરના નાગરીકોને પારાવાર હાલાકીનો સામનો કરવો પડે છે. શહેરમાં પ્લાસ્ટ ઈન્ડીયાના પાર્કીંગ ખાલીખમ લાગતા હતા ત્યારે સેકટરોના આંતરીક માર્ગો પર વાહનોનો ખડકલો થઈ ગયો હતો. ત્યારે શહેરમાં આયોજીત પ્લાસ્ટ ઈન્ડીયાના બીજા દિવસે શહેરના ચ અને ઘ માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ મુકીને ગયેલા વાહનો પર પોલીસે તવાઈ બોલાઈ હતી. જેમાં ૩૦ દ્વિચક્રી વાહન ચાલકોને સ્થળ પર જ દંડની પાવતી પકડાઈ દંડ વસુલવામાં આવ્યો હતો. જયારે ૪ ગાડી ડીટેઈન તેમજ ૨૦ થી વધુ ગાડી ટોંઈગ કરીને પાર્કીંગમાં મુકવામાં આવી હતી. દિવસભર સુધી ટ્રાફિક શાખાની ટોંઈગવાન એક માર્ગ થી બીજા માર્ગ પર સતત દોડતી નજરે પડતી હતી તેમજ તંત્રની કડક કાર્યવાહીને પગલે પ્લાસ્ટ ઈન્ડીયાના પાર્કીંગ સ્થળો પર પણ ગાડીઓ નજરે પડી હતી.

શહેરમાં આયોજીત પ્લાસ્ટ ઈન્ડીયા દ્વારા અલગ અલગ સેકટરોના મેદાનમાં પાર્કીંગ પેલેસ ઉભા કરવામાં આવ્યા છે. તે ઉપરાંત પાર્કીંગના સ્થળેથી મુલાકાતીઓને એકઝીબેસન સેન્ટર સુધી લાવવા લઈ જવા માટે ફેરી સર્વિસ સેવા પણ રાખવામાં આવી છે. તેમ છતા એકઝીબેશનની મુલાકાતે આવનાર મુલાકાતીઓ અને વીવીઆઈપીઓ પણ સેકટર-૧૭ના આંતરીક માર્ગો અને ઘરની પાસે આડેધડ ગાડીઓ પાર્ક કરીને જતા રહે છે. વસાહતીઓ માટે આ એકઝીબેશન શીરદર્દ બની જવા પામ્યું છે. પોતાના ઘરેથી ગાડી લઈને સેકટર બહાર નીકળતા પણ અડધો કલાક થઈ જાય તેવી સ્થિતિ ઉદભવી છે. પ્લાસ્ટ ઈન્ડીયાના બીજા દિવસથી પોલીસ તંત્રએ લાલ આંખ કરીને પાર્કીંગ પર કાબુ મેળવી લીધો હતો. ચ માર્ગ તેમજ ઘ માર્ગ પર વાહનોનો ખડકલો નહીવત જોવા મળ્યો હતો તો બીજીતરફ પોઈન્ટની બસો ઉભી રહે છે. તે સ્થળ તરફ જવાના માર્ગ પર બેરીકેટસ મુકી દેવામાં આવતા એક પણ વાહન પાર્ક થયેલું જોવા મળ્યું ન હતું. આજે ટ્રાફિક પોલીસ તંત્ર દ્વારા ગુરુવારના રોજ ૩૦ ટુ-વ્હીલર ચાલકો પાસેથી સ્થળ પર જ દંડનીય કાર્યવાહી કરીને રૂ.૩૦૦૦ જેટલો દંડ વસુલવામાં આવ્યો હતો, તો બીજીતરફ ૪ કાર ડીટેઈન કરવામાં આવી હતી. જયારે મુખ્ય માર્ગ પર અડચણરુપ હોય તેવી ૨૦ થી વધુ કારને સલામત રીતે પાર્કીંગમાં મુકવામાં આવી હતી. પોલીસ તંત્રની કડક કાર્યવાહીથી પાર્કીંગ પેલેસમાં ગુરુવારના રોજ કાર અને વાહનનો ખડકલો જોવા મળ્યો હતો.



## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




એટલે,.... કાશમીરને બચાવવા...નું અશક્ય થઈ ગયું...?

## માતૃભાષા અભિયાન સંસ્થા દ્વારા ગુજરાતી ભાષાના વિકાસ માટે કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૮

'માતૃભાષા અભિયાન' સંસ્થા દ્વારા ધોરણ-૨ થી ૮ સુધીના બાળકો માટે 'દાદા-દાદીનો ઓટલો' ૧૧મી ફેબ્રુઆરીએ સવારે ૧૦ થી ૧૧.૩૦ કલાકે પરિમલ ગાર્ડન, વસ્ત્રાપુર લેક ગાર્ડન, વેજલપુરની શાંતિનિકેતન શાળા, બોપલમાં સરકારી ટ્યુબવેલ પાસે તથા વસ્ત્રાપુરમાં સરકારી વસાહત ખાતે યોજાશે.

માતૃભાષા ગુજરાતીના વિકાસ માટે કાર્યરત સંસ્થા 'માતૃભાષા અભિયાન' દ્વારા આપણી જૂની પેઢીના જ્ઞાન અને સંસ્કારનો ખજાનો આજની પેઢીને મળે તે હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. માતૃભાષા અભિયાન દ્વારા દર મહિનાના બીજા અને ચોથા રવિવારે અમદાવાદના અમુક સ્થળે આ પ્રકારના કાર્યક્રમો યોજાતા રહે છે.

'દાદા-દાદીનો ઓટલો' કાર્યક્રમમાં દાદા-દાદી દ્વારા શિવજીને ચઢાવતા બીલીપત્રનું મહત્વ, શિવરાત્રીના ઉપવાસમાં ખવાતા શક્કરીયાના ફાયદા, વેલેન્ટાઈન દિવસ એટલે શું અને તે કેમ ઉજવાય છે તથા શિવરાત્રીના તહેવાર વિશે બાળકો સાથે વાતો કરીને, બાળગીતો અને રમતો રમાડીને બાળકોને મજા કરાવશે. આ ઉપરાંત સમાંતર વાલીનો ચોતરો અને 'વાંચે બાળ' અંતર્ગત બાળ પુસ્તક પરબનો પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. બે પેઢી વચ્ચે સંવેદિતા સર્જતા કાર્યક્રમોમાં બાળકો તથા વાલીઓને સહભાગી થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

## આજે પૂ. જલારામ બાપાની ૧૩૭મી પુણ્યતિથી

### વિરપુર સહિત સમગ્ર વિશ્વમાં ભકિતમય કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૮

આજ રોજ પૂ. શ્રી જલારામ બાપાની ૧૩૭મી પુણ્યતિથી છે. પૂ. શ્રી જલારામ બાપાની પુણ્યતિથી નિમિત્તે તેમની જીવન ઝરમર વિષે નજર કરીએ તો તેઓના માતા રાજબાઈ તેમજ પિતા પ્રધાન ઠક્કર ખૂબ જ ધાર્મિક પ્રકૃતિના હતાં. ધાર્મિક માતા રાજબાઈના કુખે પૂ. જલારામ બાપાનું અવતરણ થયું. સેવા અને ધર્મનો વારસો તો પૂ. શ્રી જલારામ બાપાને શરૂઆતથી જ પ્રાપ્ત થયેલ. સંત ભોજલરામને ગુરુ બનાવ્યા અને વીરપુરમાં સદાવ્રત કાર્યરત કર્યું જે આજે પણ કાર્યરત છે. વીરપુર આવનાર સૌ કોઈને પ્રેમથી પ્રસાદ - જમાડવામાં આવે છે. કારમા દુકાળના સમયમાં પણ પૂ. શ્રી જલારામ બાપાએ લોકોની ખૂબ સેવા કરી હતી.

આજના સમયમાં પણ લોકો એમ માને છે કે જો ખરા હૃદયથી શ્રી જલારામ બાપાને પ્રાર્થના કરવામાં આવે તો પૂ. શ્રી જલારામ બાપા લોકોની મનોકામના પૂર્ણ કરે છે.

પૂ. જલારામ બાપાએ અવિરત સેવા કરતા કરતાં પોતાના દેહની સામે જોયું જ ન હતું. રાત-દિવસ સતત અવિરત બસ ભજન અને ભોજન જ તેઓનું લક્ષ્ય હતું. તેઓના આંગણે આવેલ કોઈ પણ ભોજન વગર પરત ન જાય તેનું તે સતત ખ્યાલ રાખતા. તમામની સેવા કરતાં કરતાં પૂ. શ્રી જલારામ બાપાએ સંવત ૧૯૩૭ મહા વદ-૧૦, બુધવારને તા. ૨૩-૦૨-૧૯૮૧ના રોજ પોતાનો દેહત્યાગ કર્યો હતો.

પૂ. જલારામ બાપાની આજે ૧૩૭મી પુણ્યતિથી નિમિત્તે વિરપુર સહિત ગાંધીનગર જલારામ ધામ તેમજ સમગ્ર વિશ્વમાં અનેક સેવાના કાર્યો સાથે તેમની પુણ્યતિથીની ઉજવણી કરવામાં આવશે.

## સિવિલના કર્મચારીઓ ભોજન સમારોહમાં જતા રજાનો માહોલ

### સિવિલની વહીવટી કામગીરી ૧૨ થી ૩ બંધ રહેવા પામી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના અધિકારી-કર્મચારીઓ ભોજન સમારોહમાં એક સાથે જતા રહેવા વહીવટી કામગીરી બિલકુલ ઠપ થઈ જવા પામી હતી. એકાઉન્ટ વિભાગ, મેડીકલ દવાના બિલ માટે, તેમજ મેડીકલ સર્ટીફિકેટ માટે આવેલ તમામ નાગરીકોને વિલા મોં એ પરત જવાનો વારો આવ્યો હતો. ત્યારે કેટલાક કર્મચારીઓ તો ભોજન સમારોહમાં જઈને આવ્યા પછી પણ જાણે કે ઓફિસ ટાઈમ ન થયો હોય તેમ શોંપીગ સેન્ટરમાં ચા ની ચુસકી લેતા નજરે પડ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ત્યારે દર્દીઓથી ઓપીડી તેમજ આઠમાળની બિલ્ડીંગ ભરાયેલી જોવા મળે છે. દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થતા દર્દીઓનો ધસારો સિવિલ તરફ વધવા પામ્યો છે. દર્દીઓને સારવારની સાથોસાથ વહીવટી પ્રક્રિયામાંથી પણ તેટલી માત્રામાં જ પસાર થવુ પડે છે. મેડીકલ સર્ટીફિકેટ, મેડીકલ દવાના બિલ માટે, એકાઉન્ટ વિભાગ, રજા રિપોર્ટ સહિતની કામગીરી માટે વહીવટી ઓફિસની જરુર પડે છે. ત્યારે આજે સિવિલ હોસ્પિટલની વહીવટી કચેરીમાં કામ કરતા અધિકારી-કર્મચારીઓ સવારે ફરજ પર આવ્યા બાદ એક ભોજન સમારોહમાં જતા રહ્યા હતા. એક સાથે તમામ કર્મચારીઓ ભોજન સમારોહમાં જતા રહેતા વહીવટી કચેરી સુમસામ બની ગઈ હતી. બપોર ૧૨ થી ૩ કલાક કચેરી ખાલીખમ દેખાઈ રહી હતી. જયારે વહીવટી કામ માટે આવેલા નાગરીકો, સ્ટાફ તેમજ દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વહીવટી કચેરીમાં કલાકો સુધી બેસી રહ્યા બાદ પણ પોતાના કામ આજે નહી થતા હોવાનો અંદાજ આવતા નાગરીકો ત્યાંથી પલાયન થઈ ગયા હતા. જયારે ભોજન સમારોહમાં જઈને આવ્યા બાદ પણ કેટલાક કર્મચારીઓ જાણે હજુ પણ કચેરીનો સમય થયો નથી તેમ માનીને શોંપિગ સેન્ટરમાં ચાની ચુસકી માણતા નજરે પડ્યા હતા.

## સુંદરધામ પરિવાર દ્વારા શિવકથાનું આયોજન

ગાંધીનગર, તા.૮

મહાશિવરાત્રી નિમિત્તે સુંદરધામ પરિવાર દ્વારા ૧૦મી ફેબ્રુઆરીને શનિવારે બપોરે ૩ થી ૬ કલાકે શિવ ઉપાસક ગોસ્વામી સંજયભારતીબાપુની વ્યાસપીઠે નવા નરોડા ખાતે શિવકથાનું આયોજન કરવામાં આવ્યું છે. મહાશિવરાત્રીના દિવસોમાં ભગવાન શિવના ઉપવાસ, રૂદ્રાભિષેક તથા મહાપૂજનનું ખૂબ જ મહત્વ છે. આ ઉપરાંત, સંતો દ્વારા ખાસ કહેવામાં આવ્યું છે કે શિવના ગુણગાન, કથાશ્રવણ કરવાથી અનેકગણું પુણ્ય મળે છે. શિવકથાનું આયોજન નવા નરોડા ખાતે આવેલા કઠવાડા રોડ પર સ્વામિનારાયણ મંદિર પાછળ હરિદર્શન ચાર રસ્તે કરવામાં આવ્યું છે. જેમાં શિવભકતોને શિવકથાનો લાભ લેવા માટે આમંત્રણ છે.



**ગંદકીના થર જામ્યા :** ગાંધીનગરમાં રાજ્ય સરકારના વહીવટની મોટા ભાગની કચેરીઓ જયાં છે તે ડૉ. જીવરાજ મહેતા ભવનમાં કેવી અને કેટલી ગંદકી છે તેની બોલતી તસવીરો પ્રસ્તુત છે. કર્મચારીઓ ભાઈ-બહેનો માટે ટોયલેટ બોક્ષ અને શૌચાલયમાં જામેલા ગંદકીના થર સ્વચ્છતા અભિયાન ઝુંબેશના લીરેલીરાં ઉડાડે છે. સ્વચ્છતાના શપથ છાશવારે લેવાય એવા સ્થાનો પર પણ જો સ્વચ્છતા જળવાય તો અભિયાનનો અર્થ સરે. પરંતુ આ તો દિવા તળે અંધારા જેવી વાત છે.

## તમાકુ વિરોધી અભિયાનમાં આજે નવ હજાર દંડ વસુલાયો

ગાંધીનગર જિલ્લામાં તમાકુ વિરોધી અભિયાનને સઘન બનાવવામાં આવ્યુ છે. અને આજે એક જ દિવસમાં રૂ. નવ હજાર જેટલો દંડ વસુલવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લામાં તમાકુ વિરોધી અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૧ લાખ ૭૦ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે.

મળતી માહિતી પ્રમાણે આજે તમાકુ વિરોધી ટીમે કુડાસણ અને તેની આસપાસના વિસ્તારોમાં ત્રાટકી અને રૂ. નવ હજાર જેટલો દંડ વસુલ્યો હતો. જિલ્લામાં તંત્ર દ્વારા તમાકુ વિરોધી અભિયાનને સઘન બનાવવામાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા હવે કેટલાક ચોક્કસ વિસ્તારોને ટોબેકો ફ્રી એરિયા તરીકે જાહેર કરવાની વાત પર વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.




## ગાંધીનગર ખાતે કુટિર ઉદ્યોગના કારીગરોનો તાલીમ વર્ગ આરંભાયો



ગાંધીનગર, તા.૮

ગુજરાત સરકારશ્રીના કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ હેઠળ કામગીરી કરતાં ઈન્ડેક્ષ્ટ-સી દ્વારા સરકારશ્રીની નવી યોજના અન્વયે વંશપરંપરાગત કારીગરો, કુશળ કારીગરોને સ્કીલ અપગ્રેડેશન, આધુનિક સાધનો પુરા પાડવા, ખ્યાતનામ સંસ્થાઓ સાથે સમન્વય દ્વારા રોજગારીમાં વધારો કરવાની નવી યોજના અન્વયે માટીકામના ૨૫ કારીગરોને નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા આજથી તા. ૨૨-૨-૧૮ દરમ્યાન તાલીમ આપવામાં આવશે. આ પ્રસંગે શ્રી પી.જી.પટેલ-કાર્યવાહક નિયામકશ્રી (ઈન્ડેક્ષ્ટ-સી)ના વરદ્ હસ્તે સમારંભનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી એ.એ. પંડિત-સિનીયર ઓફિસરશ્રી (વહીવટ), કુ.પી.ટી. પરમાર - મેનેજર (તાલીમ), શ્રી આર.પી. સુતરીયા- આઈ.પી.ઓ ઉપસ્થિત રહ્યા હતા. આ યોજના અન્વયે નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા ઈન્ડેક્ષ્ટ-સીના માર્ગદર્શન હેઠળ વણાટકામ, દરજીકામ, કુંભારીકામ, બ્લોક પ્રિન્ટીંગ અને જવેલરીની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજયના તમામ વંશપરંપરાગત કારીગરો, કુશળ કારીગરો, ઈન્ડેક્ષ્ટ-સી, ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગ્રીમકો તથા અન્ય વિભાગો સાથે સંકળાયેલ અંદાજીત ૩૦૦૦ જેટલા કારીગરોનું સ્કીલ અપગ્રેડેશન, આધુનિક સાધનો પુરા પાડવા, ખ્યાતનામ સંસ્થાઓ તથા ઉત્પાદન એકમો સાથે સમન્વય દ્વારા કુશળતામાં વધારો કરી રોજગારીમાં વધારો કરવાની આ યોજના છે.

## ઉત્તર ગુજરાતના પ્રખર કેળવણીકાર અનીલ પટેલને મોરબીના ધારાસભ્ય બ્રિજેશ મેરજાની અંજલિ

ગાંધીનગર, તા. ૮

ઉત્તર ગુજરાતના સામાજીક, શૈક્ષણિક અને આર્થિક ક્ષેત્રે અગ્રેસર રહી આજીવન સમાજસેવા કરનારા સ્વ. અનીલભાઈ પટેલના નિધન અન્વયે મોરબીના ધારાસભ્ય બ્રિજેશ મેરજા દ્વારા અંજલિ આપવામાં આવી હતી. બ્રિજેશ મેરજાએ અંજલિ અર્પતા જણાવ્યું હતું કે અનીલ પટેલના અવસાનથી ઉત્તર ગુજરાતના જાહેર જીવનમાં ખાલીપો ઉભો થયો છે. અનીલભાઈએ જીવનપર્યંત ઊંઝાના ઉમિયા માતાના મંદિર તથા ગણપતનગરની શૈક્ષણિક સંસ્થાને તેમના જ્ઞાન, આવડત અને અનુભવનો લાભ આપ્યો હતો.

બ્રિજેશ મેરજાએ વધુમાં જણાવ્યું હતું કે રાજકીય ક્ષેત્રે ઉદ્યોગમંત્રી તરીકેનું અનીલ પટેલનું યોગદાન, તેમની સાલસ પ્રકૃતિ, નિરાભિમાની વર્તણુંક તેમજ સમાજને સદાય ઉપયોગી થવાની ભાવના વર્ષો સુધી સમાજમાં સુગંધરૂપે પ્રસરતી રહેશે.

## અનન્ય વિદ્યાલયનો વાર્ષિકોત્સવ 'ઉડાન' યોજાશે

નવા ઝુંડાલમાં આવેલી સહજાનંદ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત અનન્ય વિદ્યાલયનો પ્રથમ વાર્ષિકોત્સવ 'ઉડાન' ૧૦મી ફેબ્રુઆરીને શનિવારે સાંજે ૪.૩૦ થી ૬.૩૦ સુધી યોજાશે. ત્યારબાદ સાંજે ૭.૩૦ થી ૯.૩૦ સુધી ધોરણ-૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ તેમની કલાકૃતિઓ પ્રદર્શિત કરશે.